મોડાસાના ડુગરવાડામાં ગંદકી અને ગટરના ગંદા પાણીથી સ્થાનિક રહિશો ત્રાહીમામ

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મુસ્લીમ સમુદાયની જનસંખ્યા મોટા પ્રમાણમાં હોવા છતાં મોડાસા નગરપાલિકાના સત્તાધીશો અને અધિકારીઓ દ્વારા લઘુમતિ સમાજની ઉપેક્ષા કરવામાં આવતી હોય તેવી રીતે મુસ્લિમ સમાજના રહેણાંક વિસ્તારો અને લઘુમતિ સમાજની ડુગરવાડા રોડ પર આવેલી સોસાયટીઓમાં નગરપાલિકાતંત્ર દ્વારા ગટરોની યોગ્ય જાળવણીના અભાવે અને રસ્તાઓની અનિયમિત સફાઈથી ગંદકીના ઢગ ખડકાઈ જતા હોવાથી મુસ્લિમ સમુદાયના નગરજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

મોડાસા શહેરની ડુગરવાડા રોડ પર આવેલી લઘુમતી સમાજની સોસાયટીઓ આશીયાના સોસા., ગરીબનવાઝ સોસ., શમા સોસાયટી, જિલાની પાર્ક, શમ્મે હિદાયત વગેરે સોસાયટીઓમાં છેલ્લા ત્રણ માસથી ગટરનું ગંદુ પાણી જાહેર રસ્તાપર નીકળે છે. અને સોસાયટીઓમાં પાકા રસ્તાઓના અભાવે સોસાયટીના રહીશો, મહિલાઓ અને બાળકોને ન છૂટકે ગટરના પાણીમાંથી પસાર થવુ પડતુ હોવાથી આ સમસ્યા માથાના દુખાવા સમાન બની ગઈ છે. એક

(તસવીર : જય અમીન, મોડાસા)

બાજુ સ્વચ્છ ગુજરાત સ્વચ્છ ભારત અને સબકા સાથ સબકા વિકાસની વાતો કરે છે ત્યારે મોડાસા સેવા સદનમાં બેઠેલા વહીવટ કરતા તરફથી ફક્ત અમુક જગ્યાએ સરકારની યોજનાઓ લાગુ કરવાની હોય તેમ લઘુમતિ વિસ્તાર તરફ ધ્યાન આપવામાં આવતુ નથી. ભલેને સરકારમાં બેઠેલા લોકો લઘુમતિઓ માટે જાહેરાતો કરતા હોય પરંતુ કામની દૃષ્ટિએ લઘુમતિ વિસ્તારમાં સ્વચ્છતાનો અભાવ તથા અન્ય વિકાસની વાતો ફક્ત જાહેરાત પુરતી સાબીત થઈ રહી છે. ગટરોના પાણી વારંવાર ઉભરાવાથી સોસાયટીના પ્રજાજનો અને બાળકો વારંવાર ગંભીર બિમારીઓમાં સપડાવવુ પડે છે. લઘુમતિ વિસ્તારમાં સ્વચ્છતા, પાકા રસ્તાઓ અને ગટરની યોગ્ય જાળવણી વગેરે મુદ્દાઓની રજુઆત વારંવાર કરવા છતાં નગરપાલિકામાં બેઠેલા વહીવટદારોના કાને અથડાતી ન હોય તેમ લઘુમતિ સોસાયટી વિસ્તારોમાં સતત અવગણના અને ઉપેક્ષા કરવામાં આવી રહી છે.

લઘુમતિ સોસાયટીઓના રહીશો દ્વારા નગર સેવા સદન દ્વારા નાગરીકો પાસેથી વહીવટીરૂપે કર (ટેક્ષ) વસુલ કરતી હોવા છતાં નગર પાલિકા દ્વારા સતત આ સોસાયટીઓની ઉપેક્ષા કરવામાં આવતી હોવાથી ન છૂટકે લઘુમતિ સમુદાયના પ્રજાજનોએ રસ્તા રોકો આંદોલન અને ગાંધી ચિંધ્યો માર્ગ અપનાવવાની જરૂર પડશે તેવું જણાવ્યું હતું.

પ્રાંતિજ દશામાના મંદિરે વડસાવિત્રી વ્રતનો પ્રારંભ

પ્રાંતિજ, તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલા દશામાતા ધામ પર આજ રોજ વડસાવિત્રીના વ્રતના શુભારંભથી જ પ્રાંતિજ તથા પંથકની અસંખ્ય મહિલાઓ-દિકરીઓએ વડસાવિત્રી વ્રત પ્રસંગે વડના ઝાડની પૂજા અર્ચના તેમજ જનોઈ પહેરાવી વિધિસર પુજા કરી જીવનની અનેક સમસ્યાઓ પતિદેવ તથા પુત્રોના દિર્ઘાયુષની માંગણીઓ કરી હતી.

તો પુજા બાદ સામુહિક વ્રત નિમિત્તે સામુહિક વાર્તા પૂજન અર્ચન આરતી તેમજ સામુહિક પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. દશામાતા મંદિરના પ્રેસિડેન્ટ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ તથા ટીમે બહેનોના વ્રત નિમિત્તે ઠંડા પાણીની તેમજ ફરાળની તેમજ ફુટની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

તો મંદિર પરિસરમાં સ્વચ્છતા, વ્યસનમુકિત મહિલા અધિકારીઓ વિવિધ વ્રત ઉત્સવો વાર્તાઓના પોસ્ટરો ધ્યાનાકર્ષક રહેવા પામ્યા હતાં. ભજન-રાસ-ગરબાની પણ રમઝટ જામી હતી.

કાળઝાળ ગરમીમાં પણ ખેડબ્રહ્માના શીતલ ચોકની પરબ બંધ હાલતમાં

ખેડબ્રહ્મા, તા.૧

ખેડબ્રહ્મા શહેરના હાર્દસમા શીતલ ચોકમાં તંત્રની બેદરકારી અને

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

જાળવણીના અભાવે ભર ઉનાળે જ જલધારા પાણીની પરબ બંધ હાલતમાં પડી છે. પરબની પાછળ જ વિશાળ પાર્કિંગ લોટ આવેલ હોવાથી અનેક મુલાકાતીઓ અહીં પાર્કિંગ કરી પરબ પર પાણી પીને શોપીંગ કરવા જતા હતા તે તમામ પાણીની પરબ બંધ હાલતમાં જોઈ નિસાસા નાંખી રહ્યાં છે.

વર્ષ ૨૦૧૦માં રેવાશંકર ઉપાધ્યાયના પુત્ર શંકરલાલે આ પરબ બંધાવી નગરપાલિકાને ભેટ આપી હતી પરંતુ યોગ્ય સાર સંભાળના અભાવે ઠંડા પાણીના કુલર મશીનથી સજ્જ પરબ બંધ થઈ જવા પામી છે. આ વિસ્તારના નાગરિકો અને વેપારીઓ દ્વારા ઈન્ચાર્જ ચીફ ઓફિસરની નિમણુંક થયા બાદ અસંખ્યવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં આ પરબને ફરી ચાલુ કરવામાં નગરપાલિકાના વહીવટદારોને કોઈ જ રસ ના હોય તેમ તેમના પેટનું પાણી પણ હાલતું નથી.

છેલ્લા ઘણા સમયથી નગરમાં વિકાસના નામે માત્ર વહવટી દેખાવમાં જ રસ હોય તેવી સ્થિતિ ખેડબ્રહ્મામાં સર્જાવા પામી છે. ઈન્ચાર્જ ચીફ ઓફીસર દિનેશ ભાટીયાને આ પરબ અંગે પુછતાં તેમણે કદાચ પરબમાં પાણી ખુટી ગયું હશે તેવો ઉડાઉ જવાબ આપ્યો હતો. પરંતુ હકીકત એ છે કે ઠંડા પાણી માટેનું કુલર મશીન જ ઘણા સમયથી ખરાબ અને બંધ હાલતમાં છે. અત્યારે ઉનાળો જયારે તેની ચરમસીમાએ છે ત્યારે કાળઝાળ ગરમીમાં ઠંડા પાણીની આ પરબ પુનઃ ચાલુ કરાય તો અનેક વટેમાર્ગુઓની આંતરડી ઠરશે જેના આશીર્વાદ નગરપાલિકાને મળશે.

ખેડબ્રહ્મામાં ગુમાસ્તાધારાનો કડક અમલ ન થતાં કરીયાણા એસોસિએશન નારાજ

કરીયાણા એસોસીએશનના પ્રમુખે દરેકને છુટ આપવા પાલિકામાં લેખિત રજુઆત કરી

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં ગુમાસ્તા ધારાનો કડક અમલ થતો ન હોઈ કરીયાણાનું એસોસીએશન નારાજ થઈ પ્રમુખે તમામને છુટ આપવા લેખિતમાં રજુઆત કરી છે.

ખેડબ્રહ્મા કરીયાણા એસોસીએશનના પ્રમુખ હસમુખલાલ મગનલાલ રાવલે પાલિકાને લેખિતમાં કરેલી રજુઆત અનુસાર શહેરમાં ગુમાસ્તાધારાનો કોઈ જ અમલ થતો નથી. કર્મચારીની બેદરકારીના કારણે મોટા વેપારીઓને છુટો દોર મળી ગયયો છે. તેથી દર સોમવારે આવા વેપારીઓ ગુમાસ્તાધારાનો ભંગ કરી પોતાની દુકાનો ખુલ્લી રાખે છે ત્યાં નાના વેપારીઓ કાયદાનો ડર રાખી દુકાનો બંધ રાખેછે તેથી ગુમાસ્તાધારાનો કડક અમલ ન થતો હોઈ કરીયાણા એસોસીએશન હેઠળ આવતા તમામ વેપારીઓની દુકાનો સોમવારે ખુલ્લી રાખવાની છુટ આપવા એસોસીએશનના પ્રમુખે લેખિતમાં માગણી કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા બસસ્ટેન્ડ વિસ્તારમાં ૧૦ જેટલા વેપારીઓને નોટીસ આપવાની કાર્યવાહી કરવામાં આવી હતી. ખેડબ્રહ્મા નગરપાલિકાના ગુમાસ્તા ધારાના અધિકારી શામળભાઈ પી. પરમારે જણાવ્યુંહતુંકે શહેરમાં ગુમાસ્તાધારાનો કડક અમલ થાય છે તેમ છતાં કેટલાક વેપારીઓ અઠવાડિક રજાના દિવસે દુકાનો ખુલ્લી રાખતા હશે તો તેમની વિરૂદ્ધ કાયદાકીય પગલાં ભરવામાં આવશે.

સાબર ડેરીએ દૂધમાં પ્રતિ લીટર રૂ.૨ નો વધારો કર્યો

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં ૧ લી જુન થી લોકોને દૂધમાં રૂ ૨ નો વધારો સહન કરવો પડશે જેથી ચા વધુ કડવી બનશે અંગે ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અને સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલે ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે દૂધ માં પ્રતિ લીટરે રૂ.૨ નો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લોકો પ્રવર્તમાન સમયમાં અમુલ ગોલ્ડ દૂધનો પ્રતિ લીટર રૂ.૪૬ છે જે હવે રૂ.૪૮ અને અમુલ શક્તિ દૂધનો પ્રતિ લીટર રૂ.૪૨ છે જે હવે રૂ.૪૪ ચૂકવવો પડશે એટલે કે હવે બંને જીલ્લાના લોકોને ચા વધુ કડવી બનશે.ભાવ વધારાનું કારણ ૧ લી જુન થી અમલ થતા સેલ્સટેક્ષમાં વધારો હોવાનું માનવામાં આવી રહ્યું.

વેરાબરમાં મહિલાની છેડતી કરાતા ૯ વિરૂધ્ધ ફરિયાદ

ઈડર તાલુકાના વેરાબર ગામે શુક્રવારે રાત્રે એક યુવતીને બળજબરીથી લગ્ન કરાવવા બાબતે ધમકી આપી મહિલાની છેડતી કરાતા નવ જણા ફરિયાદ શનિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે વેરાબર ગામે રહેતા દિનેશભાઈ ડાઙ્ગાભાઈ ચેનવાની દિકરી કાજલને આજ ગામના ચેનવા મહેશભાઈ ઉર્ફે ફદીયો સેંધાભાઈએ શુક્રવારે રાત્રે આવી લગ્ન કરી લે નહિતર હું તને ઉપાડી જઈશ તેમ કહેતા કાજલબેને પોતાની માતા ઉર્મિલાબેનને જાણ કરી હતી. ત્યારબાદ ઉર્મિલાબેને મહેશભાઈ ચેનવાને ઠપકો આપતા તેમણે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તેમાં સોમાભાઈ ભીખાભાઈ ચેનવા, બાબુભાઈ બાદરભાઈ ચેનવા, કાન્તીભાઈ બેચરભાઈ ચેનવા, માણકાભાઈ જેઠાભાઈ ચેનવા, બાબુભાઈ લીલાભાઈ ચેનવા, રણાભાઈ રામાભાઈ ચેનવા, શામળભાઈ બેચરભાઈ ચેનવા અને અમૃતભાઈ શામળભાઈ ચેનવાએ મદદગારી કરી હતી. જેથી ઉર્મિલાબેને નવ જણા વિરૂધ્ધ શનિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બનાસ બેંકની સામાન્ય સભા યોજાઈ

પાલનપુર, તા. ૧

બનાસબેંકના ચેરમેનશ્રી અને રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહન વ્યવહાર રાજ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને બેંકની ૫૬મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લાના ખેડૂતો સુખી અને સમૃદ્ધ થાય તે માટે બેંક દ્વારા સક્રિય પ્રયાસો કરવામાં આવે છે. તેમણે કહ્યું કે બેંક દ્વારા ખાતેદારોને આધુનિક બેંકીંગ સુવિધાઓ પુરતી અને સરળતાથી મળે તે રીતે ઉપલબ્ધ બનાવવામાં આવી છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે બેંકમાં નાણાંકીય વ્યવહારો માટે કોમ્પ્યુટરાઈઝડ અને ઓન લાઈન સીસ્ટમ ઉપલબ્ધ બનાવવામાં આવી છે. તેમણે કહ્યું કે ઓછા વ્યાજ દરે ખેડૂતો અને ખાતેદારોને વિવિધ લોન સહાય આપવામાં આવે છે. મંત્રીશ્રીએ કહ્યું કે કેન્દ્ર સરકારશ્રીએ જાહેર કરેલ વીમા યોજના અન્વયે વાર્ષિક રૂ. ૧૨.૦૦નું પ્રિમીયમ ખાતેદારોનું બનાસ બેંક ભરશે.

મંત્રીશ્રીએ બેંકની પ્રગતિની વિગતો આપતાં જણાવ્યું કે વર્ષ ૨૦૧૫માં બેંકની થાપણો રૂ. ૧૧૧૪ કરોડ, ધિરાણ રૂ. ૯૭૮ કરોડ, સ્વભંડોળ ૧૩૫ કરોડ, કાર્યકારી ભંડોળ ૧૮૧૯ કરોડ અને ચોખ્ખો નફો રૂ. ૮.૩૦ કરોડ છે. ખેતી વિષયક ટુંકી મુદત વ્યાજ દર ૪ ટકા છે. ખેડૂતો અને બેંકના કર્મચારીઓને રૂ. ૨ લાખના વીમા કવચ અને ખેતી વિષયક ધિરાણની વિગતો મંત્રીશ્રીએ જણાવી હતી.

ધારાસભ્યો સર્વશ્રી કેશાજી ચૌહાણ, શ્રી જોઈતાભાઈ પટેલ અને અગ્રણીશ્રી દલસંગભાઈ પટેલે પ્રાસંગીક પ્રવચન કર્યા હતા. આ પ્રસંગે અકસ્માત વીમા યોજના હેઠળ વારસદારોને રૂ. ૧ લાખના ચેકોનું મંત્રીશ્રીના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

ખેરોજમાં લોન મંજુર કરાવવા રૂા.૬૨,૫૦૦ લઈ છેતરપિંડી કરતા ફરિયાદ

ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ ગામે તાજેતરમાં એક ખેડૂતની જમીનના કેસનો નિકાલ કરવા તથા લોન અપાવવા માટે એક શખ્સે રૂા.૬૨,૫૦૦ લઈ છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા આ શખ્સ વિરૂધ્ધ શનિવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે પોશીના તાલુકાના દેડકા ગામના પીપળા ફળોમાં રહેતા શંકરભાઈ ચુનાભાઈ પરમારની જમીનના કેસનો નિકાલ કરવા તથા તેના પર લોન લેવા માટે અબ્દુલભાઈ હમીદભાઈ છોરીયા (રહે.કમાલપુરા, સાત સવા પાલનપુર) એ ગત તા.૨૬/૬/૧૪ ના રોજ રૂા.૬૨,૫૦૦ લીધા હતા. પરંતુ હજુ સુધી તેમની લોન મંજુર કરાવી આપી ન હતી. જે અંગે શંકરભાઈ પરમારે વારંવાર ઉઘરાણી કરવા છતાં જવાબ આપવામાં આવતો ન હતો. જેથી શંકરભાઈ પરમારે અબ્દુલભાઈ છોરીયા વિરૂધ્ધ શનિવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

રક્તદાન મહાદાન

મોડાસા સિવિલ હોસ્પિટલ બહાર બાયો મેડિકલ વેસ્ટ મળી આવતા નગરપાલિકાતંત્ર લાલઘુમ

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલી સેવાસંઘ સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત ડૉ. રસીકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલ આરોગ્ય ક્ષેત્રે સમગ્ર ગુજરાત અને રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા પાડોશી રાજ્યોની પ્રજામાં આગવી ઓળખ ધરાવતી હોસ્પિટલ દ્વારા શહેરના પ્રજાજનોના આરોગ્ય જોખમાય તેવી ગંભીર બેદરકારી દાખવતાં હોસ્પિટલ બહાર ગટરલાઈનની બાજુમાં ખુલ્લામાં બાયોમેડિકલ વેસ્ટ નાખવામાં આવતા નગરપાલિકા દ્વારા નોટીસ ફટકારવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર મોડાસા શહેરની જાણીતી અને મોડાસા શહેરને આરોગ્ય નગરી તરીકે નામના અપાવનાર સાર્વજનિક હોસ્પિટલના સ્ટાફ દ્વારા કે તંત્ર દ્વારા સાર્વજનિક હોસ્પિટલના પાછળના ભાગે વિનાયક સિનેમાની સામે ખુલ્લામાં દરદીઓને ચઢાવેલા બાટલા, ઈન્જેક્શન અને સીરીન્જો ખુલ્લામાં નાખી દેવામાં આવ્યા હતા. જે અંગે મોડાસા નગરપાલિકાના સફાઈકામદાર દ્વારા મોડાસા નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટરને કરવામાં આવતા સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા બાયોમેડિકલ વેસ્ટ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે. જો સાર્વજનિક હોસ્પિટલ દ્વારા બહાર ફેંકાયેલા

(તસવીર : જય અમીન, મોડાસા)

બાયોમેડિકલ વેસ્ટથી સાર્વજનિક હોસ્પિટલની આજુબાજુમાં રહેવા રાવલવાસ, ઠબરગરવાડા, ભોઈવાડા અને મારીવાડાના પ્રજાજનો કે બાળકો ભુલથી પણ જાણે અજાણે સંપર્કમાં આવી જાય તો એચ.આઈ.વી. હિપેટાઈટીસ, ઝેરી કમળો જેવી ગંભીર બીમારીઓની ઝપટમાં આવવાની શક્યતાઓ નકારી શકાતી નથી. બાયોમેડીકલ વેસ્ટને ખુલ્લો છોડી દેવામાં આવે તો ગુજરાત રાજ્ય પ્રદૂષણ બોર્ડ દ્વારા હોસ્પિટલને તાળા મારવા સુધીની જોગવાઈ હોવાથી જાણવા મળ્યુ હતુ.

મોડાસા નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર સૈયદ મો.રફીકના જણાવ્યા અનુસાર આજે સવારે ૯.૩૫ કલાકે સફાઈકામદારે નગરપાલિકાના કાર્યક્રમમાં બાયોમેડિકલ વેસ્ટ એ પ્રજાજનો માટે ગંભીર આફતરૂપ હોવાથી વોર્ડ સુપરવાઈઝર સંજય રાઠોડ દ્વારા સ્થળ પર જઈ તપાસ હાથ ધરતાં સાર્વજનિક હોસ્પિટલની બહાર ઈન્જેક્શન સીરીન્જ અને પ્લાસ્ટીકની નળીઓ મળી આવતા નગરપાલિકા દ્વારા પંચનામુ બનાવી સાર્વજનિકના વહીવટીતંત્રને સખત સુચના આપી નોટીસ ઈશ્યુ કરવા કાર્યવાહી હાથ ધરાઈ છે.

પ્રાંતિજ ખાતે અકસ્માતમાં મૃત્યુ પામેલ અજાણ્યા યુવકની પોલીસે દફનવિધિ કરી

પ્રાંતિજ, તા. ૧

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ઓરાણ ચોકડી પાસે ત્રણ દિવસ અગાઉ રાત્રીના સમયે અજાણ્યા યુવકનું અજાણ્યા વાહનની ટક્કરથી મોત થયું હતું. જેના સગાસંબંધીઓની કોઈ ભાળ ના મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા મૃતકની દફનવિધિ કરવામાં આવી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ હિંમતનગર-ચિલોડા નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજ તાલુકાના ઓરાણ ચોકડી પાસે ત્રણ દિવસ પહેલાં રાત્રીના કોઈપણ સમયે કોઈ મોટા અજાણ્યા વાહનની ટક્કરથી અકસ્માતમાં અંદાજે ૨૫ થી ૩૦ વર્ષના અર્ધ પાગલ જેવો લાગતો યુવાનનું ઘટનાસ્થળે અકસ્માત મોત થયું હતું.

જ્યારે પ્રાંતિજ પોલીસને પટેલ આશિષભાઈ રહે. ઓરાણ દ્વારા જાણ કરતાં પ્રાંતિજ પોલીસે અજાણ્યા વાહનચાલક તથા વાહન સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. જ્યારે મૃતકનો મૃતદેહને પ્રાંતિજ પી.એચ.સી. ખાતે પોસ્ટ મોટમ માટે મોકલી આપવામાં આવી હતી અને તેના સગાસંબંધીઓની શોધખોળ હાથ ધરી હતી. પણ ત્રણ દિવસ બાદ પણ કોઈ વાહનચાલક નાકે મૃતકના વારસદારોનો પતો ના મળતાં તા. ૩૧-૫-૨૦૧૫ને રવિવારના રોજ પ્રાતંજ પોલીસ તથા પી.એચ.સી. સ્ટાફ દ્વારા મૃતકની મૃતદેહની દફનવિધિ કરવામાં આવી હતી.

મજરા પાસે વાહનની ટક્કરે અજાણ્યા યુવકનું મોત

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ મજરા પાસે રાત્રીના સમયે અજાણ્યા ઈસમનું અજાણ્યા વાહનની ટક્કરથી કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજ તાલુકાના મજરાચોકડી પાસે રાત્રીના સમયે અજાણ્યા વાહનચાલકે અંદાજે ૩૫ વર્ષના અજાણ્યા યુવાને ટક્કર મારતા તેને શરીરે માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું હતું. જ્યારે આ અંગેની જાણ તુષારકુમાર વિનુભાઈ પટેલ રહે. ઘડકણની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસે સ્થળ ઉપર જઈ તપાસ કરી અકસ્માતનો ગુનો નોંધી મૃતક યુવાને પ્રાંતિજ પી.એસ.સી. ખાતે પોસ્ટ મોટમ માટે લાવવામાં આવ્યો હતો, જ્યારે સાથે સાથે મૃતક યુવકની સગાસંબંધીઓની શોધખોળ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦